# ભુજ શહેરમાં પોલીસ વિભાગમાં મહિલાઓની ભાગીદારી

ભાવિકા અરજણભાઈ ગુજરિયા
વિદ્યાર્થીની એમ.ફિલ. અર્થશાસ્ત્ર,અર્થશાસ્ત્ર વિભાગ, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભૂજ.

સારાંશ

ભુજ વિસ્તારમાં પોલીસ ડિપાર્ટમેન્ટમાં મહિલાઓની ભાગીદારી જાણવા માટે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.વર્તમાન સમયમાં તમામ ક્ષેત્રોમાં મહિલાઓને પુરૂષોને સમોવડી માનવામાં આવે છે.તેમાં ભુજ વિસ્તારમાં પોલીસ ડિપાર્ટમેન્ટમાં મહિલાઓ પુરૂષોને સમોવડી છે કે નહીં તે જાણી શકાય છે તથા મહિલાઓ પોલીસ ડિપાર્ટમેન્ટનો ક્યાં વિભાગનું સંચાલન કરે છે તે જાણી શકાય છે.અહી સ્ત્રી કર્મચારી તથા પુરુષ કર્મચારીનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.

## પ્રસ્તાવના

પ્રથમ જીવથી લઈને માનવ સુધી જીવ વિકાસનો લાંબો ઇતિહાસ રહ્યો છે.જેમાં જીવોના વંશવૃક્ષમાં માનવી સૌથી ઉપર લાગતું સર્વશ્રેષ્ઠ ફળ છે.તેમાં ભૂતકાળમાં માનવી ભટકતું જીવન જીવતો હતો.ભૂતકાળમાં આદિમાનવ ભટકતું તથા કુદરત પર નિર્ભર જીવન જીવતો હતો ત્યારબાદ ધીરે ધીરે માનવીનો વિકાસ થતો ગયો અને આ જડપી વિકાસના કારણે ગુનાઓ તથા અગવડતામાં વધારો થતો ગયો. વિકાસના કારણે માનવીના વધતા જતાં ગુનાઓને નિયંત્રણ કરવા માટે ભૂતકાલમાં રાજા-મહારાજા,મુગલો વગેરે દ્વારા પ્રજાનું કાયદા દ્વારા નિયંત્રણ કરવામાં આવ્યું ત્યારબાદ અંગ્રેજોના આગમન બાદ **1861** માં બ્રિટિશ સરકારે ભારતીય અધિનિયમ પેશ કર્યું. આ અધિનિયમે ભારતમાં એક આધુનિક અને વ્યાવસાયિક નોકરશાહીની નીવ રાખી. **1948**માં ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થવાને એક વર્ષ બાદ શાહી પોલીસને આઈ.પી.એસ દ્વારા બદલવામાં આવ્યો ત્યારબાદ **1972**માં પહેલા પોલીસ ઓફિસર તરીકે કિરણ બેદીની નિમણૂક કરવામાં આવી.તમામ દેશોમાં કાયદા જરૂરી છે.દેશમાં સતત અસમાનતા અને સ્ત્રીઓના બધા ક્ષેત્રોની આર્થિક,સામાજિક, રાજકીય,શિક્ષણ,આરોગ્ય,પોષણ અને કાનૂની તરીકે સ્ત્રીઓ જીવનના તમામ ક્ષેત્રોમાં તથા તેના જીવનના તમામ સ્તરે શસક્ત કરવાની જરૂર જણાતી આવે છે.પોલીસને કાયદાનો ભંગ કરનારાઓને અટકાવવા અને નિયંત્રણ કરવાની ફરજ સોપવામાં આવી છે.

## પૂર્વ સંશોધનની સાહિત્યિક સમિક્ષા

"કાયદો,અક્ષર પ્રકાશન,અમદાવાદ,ડો.બી.સી.રાઠોડ તથા પોપટસિંહ વાઘેલા" દ્વારા જણાવવામાં આવ્યું કે ફોજદારી કાર્યવાહીનો કાયદો **1974**ની કલમ **-238** થી **250**માં કરવામાં આવી છે.વોરંટ કેસના બે પ્રકાર હોય છે:**1.**પોલીસ રિપોર્ટ પરથી કરવામાં આવેલ કેસો અને **2.**પોલીસ રિપોર્ટ સિવાય કરવામાં આવેલા કેસો."**reserch paper on police brautality sample in 8 january 2009 lauen bradshow**"તેના સંશોધનમાં જણાવ્યુ કે યુનાઈટેડ સ્ટેટ્સમાં કાયદાનું અમલીકરણ કરનારાઓ દ્વારા હિંસા માટે લાઘુમતી સમુદાય લોકોએ ઘણા દાયકાઓ સુધી આધીન છે .આજે પોલીસ અધિકારીઓ ઘાતક ,અતિશય બળનો ઉપયોગ કરે છે જે બિનઅનુભવી હુમલાઓ,મરણ અને ગોળીબાળની તરફ દોરી જાય છે."**police officers ane mental health : the efficacy of cit training,m.s.w clinical reserch paper st.catherine university Ian g, morris**"દ્વારા જણાવવામાં આવ્યું કે પોલીસ અધિકારીઓનાં કોશલ્યઅને શક્તિને શિક્ષિત કરવામાં સી.આઈ.ડી.શિક્ષણ ઉપયોગી નિવડ્યું છે.સી.આઈ .ડી.પ્રશિક્ષણે પોલીસના જૂની રીતે કામ કરવાની રીતને ચૂનોતી આપી છે "**group threat police officer diversity and the deadly use of police forcei in 21 may,2016**

**joscha legewise and jeffery fagan**જણાવ્યુ કે વિવિધ પોલીસ દળ કે જે પ્રમાણમા વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે જે તે જૂથના ધમકીને પહોચી વળે છે અને તેથી અધિકારી સામેલ હત્યાઓની સંખ્યા ઘટાળે છે,વિવિધ પોલીસ દળ આફ્રિકન અમેરિકનોની સંખ્યા અને ઓફિસર સામેલ હત્યાનો દર ઘટાડવા જુથ ધમકીના પ્રભાવને ઘટાડે છે."**A study on role stress among women professional in chennai city,Mother teresa womens university,17 july 2015**માં **Muzhumuth R.**એ જણાવ્યું કે હાઇ ટેક્નોલૉજી સ્પીડ ગ્લોબલ સ્પર્ધાના યુગમાં વધારો થયો છે.છેલ્લે કેટલાક કાયદાઓમાં સંસ્થાઓમાં વધતી જતી સમસ્યા તરીકે તણાવ વધી રહ્યો છે.કામના સ્થળે તણાવ મુખ્ય મુદ્દો બની રહ્યો છે અને કર્મચારીઓ અને સંસ્થાઓ માટે ચિંતાનો વિષય છે.સંશોધક વ્યક્તિગત વસ્તી વિષયક ચલ પરિસ્થિતિઓમાં પરિણમે છે જેમકે કામ,કુટુંબ ,સંઘર્ષ અને પરીવર્તન અભિગમ અને પરિણામ જેવા ચલો જેવા કે ડિપ્રેશન ,લાઈફ સંતોષ,કાર્યકારી જીવનની ગુણવત્તા .""ગુજરાત પોલીસ ,નાગરીક અધિકાર પત્ર,જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી ,કચ્છ ભુજ,**2000**(એ.કે.સિંહા )જણાવે છે કે રાજયના આદેશો અને સૂચનાઓ મુજબ પોલીસ ખાતામાં કચ્છ જિલ્લાની સરહદી વિસ્તાર તરીકેની અગત્યતા સમજી લોકો પણ પોલીસની સેવાની અપેક્ષા સાથે પોલીસને કઈ રીતે મદદરૂપ અગર ઉપયોગી થઈ શકે કે જેથી નાગરીક અધિકાર માટે સંલગ્ન કાર્યવાહી એકબીજાની પૂરક બની શકે અને હાલના સમય અને સંજોગોમાં દરેક નાગરિક પોલીસ ખાતાને નાગરીક અધિકારથી રાષ્ટ્રભાવના સમજે તેવું દર્શાવ્યું છે. "" **police practice and reserch,Vol-9,no-4,september 2008,routledge taylor & francis group,issn-1561-4263** માં **Geoff Dean** એ તેમના સંશોધનમાં પોલીસ દ્વારા તપાસ સમયે બૌદ્ધિકતા તથા સ્પષ્ટતા દર્શાવવામાં આવી છે.પોલીસ પોતાની તપાસ માટે સામાન્ય લોકોને ગુનાઓ ઉકેલવા માટે પૂછપરછ કરી વિચારે છે.વધુ જટિલ ગુનાની તપાસ માટે ઉચ્ચ વિચારસરણીની આવશ્યકતા જોવા મળે છે.""**stress problems faced by police constables in north chennai,4 april 2013,globel reserch analysis(vol-2),ISSN- 2277-8160**માં **S.Srinivasan** અને **Dr.p.ilango** કહે છે ઉત્તર ચેન્નઈમાં પોલીસ કોન્સટેબલ દ્વારા તણાવ પર વધુ ભાર મૂકવામાં આવે છે.સંશોધક ચેન્નઈ અને ઉપનગરીયના ભોગોલિક વિસ્તારને આવરી લે છે.જ્યાં સંશોધક છ પોલીસ સ્ટેશન ગુનાખોરી અને કાયદો અને વ્યવસ્થા સાથે વ્યવહાર કરે છે.આ સંશોધનમાં ઉત્તરદાતાને પસંદ કરવામાં નમૂના પધ્ધતિ વપરાય છે.જેમાં **82%** લોકોએ સ્વીકાર્યું કે તેમની મનોસ્થિતિ કથળી છે.""**Assess the quality of life of police constable working in selected setting,chennai,intarnational jouranal of science and reserch(IJSR),vol-4,issue-9,15 sep 2015(www.ijsr.com)**માં **Andra Donitta,DR.S.aruna** અને **Dr.p.mangala gowri** જણાવ્યુ કે તેમણે પોલીસ કોન્સટેબલના જીવનની ગુણવત્તાની આકારણી માટે એક વર્ણાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.તેમણે નમૂના પસંદગી માટે લોટરી પધ્ધતિનો ઉપયોગ કર્યો છે.તેમના સંશોધન પરથી જાણવા મળ્યું કે તેઓની જીવનની ગુણવત્તા અને શિક્ષણનું સ્તર ઊંચું જોવા મળ્યું છે"

### સમસ્યા કથન

દરેક સંશોધન અભ્યાસમાં સમસ્યા કથનનું ખુબજ મહત્વ હોય છે.દરેક સંશોધન અભાયાસનું પ્રથમ સોપાન સમસ્યા કથન હોય છે.જેના દ્વારા સંશોધનની વાસ્તવિક પરિસ્થિતીની જાણ થાય છે. વર્તમાન સમયમાં પુરુષો તથા મહિલાઓ વચ્ચે કોઈ ભેદભાવ કરવામાં આવતો નથી.આજે વિશ્વમાં તમામ ક્ષેત્રોમાં મહિલાઓ પુરુષોની સાથે તથા તથા પુરુષો સરખું જ કાર્ય કરે છે ત્યારે આ સ્થિતિમાં ભુજ વિસ્તારમાં પોલીસ ડિપાર્ટમેન્ટમાં મહિલાઓની ભાગીદારી જાણવા માટે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

### અભ્યાસના હેતુઓ

1. ભુજ વિસ્તારમાં પોલીસ ડિપાર્ટમેન્ટમાં પુરુષો તથા મહિલાઓનું પ્રમાણ જાણવા.
2. પોલીસ ડિપાર્ટમેન્ટમાં કારણે મહિલાઓને મળતી રોજગારીનું પ્રમાણ જાણવા.

### અભ્યાસનું મહત્વ

દરેક સંશોધન અભ્યાસમાં તેનું પોતાનું આગવું મહત્વ રહેલું છે.દરેક સંશોધન અભ્યાસનું ચોથું સોપાન અભ્યાસનું મહત્વ છે.જેને

દ્વારા અભ્યાસનું મહત્વ જાણી શકાય છે. વર્તમાન સમયમાં દેશ વિકાસ તરફ ગતિ કરી રહ્યો છે.ત્યારે દેશમાં સામાજિક અને આર્થિક ક્ષેત્ર પુરુષો તથા મહિલાઓ સરખું યોગદાન આપે છે.પોલીસને કાયદાનો ભંગ કરનારાઓને અટકાવવા અને નિયંત્રિત કરવાની ફરજ સોપવામાં આવી છે.કોઈપણ સમાજમાં પોલીસ વિભાગોની મુખ્ય ભૂમિકાઓમાં કાયદાની જાળવણી અને અમલ,ઓર્ડર તથા સેવાની જાળવણીનો સમાવેશ થાય છે.નાગરિકોના જીવન,મિલકત અને સંકલનનું રક્ષણ કરવું તે પોલીસ વિભાગનું કાર્ય છે.પોલીસ વિભાગો પાસે જાહેર જનતાના માનવ અધિકારો અને સ્વાતંત્ર્યના રક્ષણનું કાર્ય છે. પોલીસ આપના જીવન અને મિલકતની સલામતી માટે જવાબદાર છે તેથી પોલીસ અધિકારીની ભૂમિકા નોંધપાત્ર છે.આ સ્થિતિમાં ભુજ વિસ્તારમાં પણ પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા વિવિધ તથા અગત્યની કામગીરી હાથ ધરવામાં આવે છે ત્યારે ભુજ વિસ્તારમાં પોલીસ ડિપાર્ટમેન્ટમા મહિલાઓની કામગીરી જાણવા માટે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

સંશોધન પધ્ધતિ

ભુજ વિસ્તારમાં પોલીસ ડિપાર્ટમેન્ટમાં મહિલાઓ કેવી ભાગીદારી આપે છે તે જાણવા આ સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.જે માટે જરૂરી માહિતી મેળવવા માટે પોલીસ ડિપાર્ટમેન્ટમાંથી મહિલાઓની સંખ્યા,પુરુષોની સંખ્યા તથા વિવિધ પોલીસ ડિપાર્ટમેન્ટમાં સ્ત્રી-પુરુષોની સંખ્યાનો ગોણ માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે.અહી સ્ત્રી કર્મચારી તથા પુરુષ કર્મચારીનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે.

માહિતીનું વિશ્લેષણ

ટેબલ નં-1 (પોલીસના વિવિધ ડિપાર્ટમેન્ટમાં સ્ત્રી-પુરુષોની સંખ્યા)

| ક્રમ | પોલીસના વિવિધ ડીપાર્ટમેન્ટ | પુરૂષો સંખ્યા | ટકાવારી | સ્ત્રીઓની સંખ્યા | ટકાવારી | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1 | A-ડીવીઝન | 77 | 89% | 10 | 11% | 87 |
| 2 | B-ડીવીઝન | 54 | 90% | 6 | 10% | 60 |
| 3 | પોલીસ હેડક્વાટર્સ | 567 | 82% | 117 | 18% | 684 |
| 4 | LCB/SOG | 32 | 100% | - | 0% | 32 |
| 5 | ટ્રાફીક | 15 | 100% | - | 0% | 15 |
| 6 | કુલ | 745 | 85% | 133 | 15% | 878 |

પ્રસ્તુત કોષ્ટકમા પોલીસના વિવિધ ડિપાર્ટમેન્ટમાં સ્ત્રી તથા પુરુષની સંખ્યા કેટલી છે તે દર્શાવવામાં આવ્યું છે જેમાં ભુજ વિસ્તારમાં પોલીસ વિભાગમાં કાર્ય કરતી કુલ વસ્તી **878** છે જેમાં કુલ પુરુષોનું પ્રમાણ **745** હતું જેનું ટકાવારી પ્રમાણ **85%** છે અને તેમાં કુલ સ્ત્રીઓનુ પ્રમાણ **133** જેટલું હતું જેનું ટકાવારી પ્રમાણ **15%** જેટલું છે પોલીસ ડિપાર્ટમેન્ટમાં ટ્રાફિક વિભાગ તથા એલ.સી.બી/એસ.ઓ.જી વિભાગમાં મહિલાઓનો ફાળો શૂન્ય છે.મહિલાઓનું સૌથી વધુ પ્રમાણ પોલીસ હેડક્વાટ્સમાં જોવા મળે છે. એલ.સી.બી.માં પોલીસમાં મહિલાઓના શૂન્ય ફાળો છે કારણકે મહિલાઓને સામાજિક તથા કોટુંબિક ઘણી મુશ્કેલીઓના કારણે તેઓ ગુનેગારોને શોધવા વિવિધ સ્થળે ફરવામાં ઘણી મુશ્કેલીઓ નડે છે તેથી તેઓનું હેડક્વાટર્સમાં માહિલાઓનું પ્રમાણ સૌથી વધારે છે.

ટેબલ નં -2 (ભુજ વિસ્તારમાં પોલીસ ડિપાર્ટમેન્ટમાં વિવિધ સત્તાઓમાં સ્ત્રી તથા પુરુષોનું પ્રમાણ )

| ક્રમ | વિવિધ સત્તાઓ | પુરુષોની સંખ્યા | ટકાવારી | સ્ત્રીઓની સંખ્યા | ટકાવારી | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1 | DIG | 1 | 100% | 0 | 0% | 1 |
| 2 | SP | 1 | 100% | 0 | 0% | 1 |
| 3 | ASP | 1 | 100% | 0 | 0% | 1 |
| 4 | DYSP | 2 | 100% | 0 | 0% | 2 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 5 | PI | 4 | 100% | 0 | 0% | 4 |
| 6 | PSI | 14 | 82% | 3 | 18% | 17 |
| 7 | કુલ | 23 | 88% | 3 | 12% | 26 |

ઉપરોક્ત કોષ્ટકમા ભુજ વિસ્તારમાં પોલીસ ડિપાર્ટમેન્ટમાં વિવિધ સત્તાઓમાં સ્ત્રી તથા પુરુષોનું કેટલું પ્રમાણ છે તે દર્શાવવામાં આવ્યું છે જેમાં પોલીસ ડિપાર્ટમેન્ટમાં ઉચ્ચ સત્તાઓમા સૌથી વધુ પ્રમાણ પુરુષોનું જોવા મળે છે.પોલીસ ડિપાર્ટમેન્ટમાં વિવિધ વિભાગમાં ઉચ્ચ સત્તાઓમાં સ્ત્રીઓ કરતાં પુરુષોનું પ્રમાણ વધુ જોવા મળે છે.જેમાં આ પ્રકારની સત્તાઓમાં કાર્ય કરવાની પરવાનગી સરકાર દ્વારા આપવામાં આવી છે.સરકાર વિવિધ કસોટીઓ દ્વારા ઉચ્ચ સત્તા માટે વિવિધ કર્મચારીઓને પસંદ કરે છે.આ વિવિધ સત્તાઓ માટે મહિલાઓ અનામત રાખવા છતાં સ્ત્રીઓ કરતાં પુરુષોનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે કારણકે હજુ પણ ઘણા લોકોની વિચારસરણી એવી છે કે પોલીસમાં કર્મચારી તરીકે કાર્ય કરવું એ ફક્ત પુરુષોનું જ કાર્ય છે.આમ,ભુજ વિસ્તારમાં પોલીસ વિભાગમાં ઉચ્ચ સત્તામાં સ્ત્રીઓ કરતાં પુરુષોનું પ્રમાણ વધુ જોવા મળે છે.s

તારણો

1. ભુજ પોલીસ ડિપાર્ટમેન્ટમાં ઉચ્ચ સત્તા માટે સ્ત્રીઓ કરતાં પુરુષોનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

2. કુલ પોલીસ વસ્તીમાથી પોલીસ હેડક્વાટર્સમાં સૌથી વધુ વસ્તી જોવા મળે છે જેમાં કુલ પુરુષોનું પ્રમાણ 76% તથા સ્ત્રીઓને પ્રમાણ 87% જોવા મળ્યું છે.

3. પોલીસની કુલ વસ્તીમાં પણ સ્ત્રીઓ કરતાં પુરુષોનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

સૂચનો

1. મહિલાઓ તમામ ડિપાર્ટમેન્ટમા ભાગ લે તેવો પ્રયાસ કરવો જોઈએ.

2. મહિલાઓના વિકાસ માટે વિવિધ સેમિનાર તથા વર્કશોપનું આયોજન કરવું જોઈએ

3. ઊચ્ચ સત્તામાં મહીલાઓનો ફાળો વધે તેવો પ્રયાસ કરવો જોઈએ.

## સંદર્ભ સૂચિ


1. THE STATE OF POLICING IN THE UNITED STATES (VOLUME – 1)COMMUNITY ORIENTED POLICING SERVICE,DEPARTMENT OF JUSTICE,5 DECEMBER 2016
2. કાયદો,અક્ષર પ્રકાશન,અમદાવાદ.ડૉ.બી.સી.રાઠોડ તથા પોપટસિંહ વાઘેલા
3. કચ્છમિત્ર,૨૦ જાન્યુઆરી ૨૦૧૮,પેજ નંબર-૬
4. reported use of force by queensland police,criminal justice commision vol - 6,nub - 2,april 2000 , ISBN - 1327-9637